પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા

## સોમવાર, તા.૧૭ ઓગસ્ટ, ૨૦૨૬

### ૪૨૩.અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક:

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૨૮/૦૭/૨૦૨૬ના રોજ બપોરના ૧૨–૦૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૪ માં મળી હતી. સમિતિની આ બેઠકમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ સંબંધિત ૧૩મી ગુજરાત વિધાનસભાના પહેલા અને છઠ્ઠા તથા ૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા અહેવાલ ઉપર સરકારે લીધેલા પગલાંના પત્રકોના મળેલ સાહિત્ય અને વિભાગ હસ્તકની યોજનાકીય બાબતો સંબંધિત સાહિત્ય પરત્વે અધૂરી તપાસ હાથ ધરવામાં આવી

સમિતિની ઉક્ત બેઠકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજના હેઠળ અનુસૂચિત જાતિ વર્ગના ઔદ્યોગિક સાહસિકોને મળતા લાભ તેમજ તેઓ માટે કાર્યરત રોજગારલક્ષી યોજનાઓ તથા સ્વરોજગારલક્ષી તાલીમ, વગેરે જેવી બાબતોની વિગતવાર ચર્ચા કરી જરૂરી સૂચન અને ભલામણો કરી. આ ઉપરાંત સદર બેઠકમાં જી.એમ.ડી.સી દ્વારા ખનન પ્રક્રીયા કાર્યરત હોય, તે વિસ્તારમાં શિક્ષણ, હોસ્પિટલ, મોબાઈલ વાન, વગેરે જેવી સીએસઆર પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોવા અંગે સમિતિને માહિતગાર કરેલ. સમિતિએ ઉક્ત જણાવેલ પગલાના પત્રકો અંગે તપાસ પૂર્ણ કરી તેમજ વિભાગ હસ્તકની યોજનાકીય સાહિત્ય પરની તપાસ અધૂરી રાખી બેઠક પૂર્ણ કરી.

સમિતિની બેઠક બપોરના ૧–૫૮ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા**